## ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ  સત્રમાં થયેલ મહત્વના કામકાજની માહિતી:-

અંદાજપત્ર સત્ર દરમિયાન વિધાનસભાની કુલ ૨૯ બેઠકો મળી હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૨૭ કલાક ૪૧ મિનિટ કામ કર્યુ હતું. સત્ર દરમિયાન કુલ ૧૬૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો હતો. સત્ર દરમ્યાન કુલ ૮ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન તા.૨૦-૦૨-૨૦૧૮ના રોજ નાણાકીય વર્ષ-૨૦૧૮-૨૦૧૯ માટેનું રૂ.૧૮,૩૬,૬૬,૩૭,૭૧,૦૦૦/- નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું તથા વર્ષ-૨૦૧૭-૨૦૧૮ નું રૂ. ૧,૦૭,૯૨,૦૭,૯૪,૦૦૦/- નું ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું હતુ.

સત્ર દરમિયાન મૌખિક જવાબો માટેના  કુલ-૧૦૪૭૦ પ્રશ્નોના જવાબો ગૃહમાં રજૂ થયા હતા તે પૈકી કુલ- **૧૫૩** પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા થઈ હતી. સત્ર દરમિયાન કુલ **૧૪ સરકારી વિધેયકો** ગૃહે પસાર કર્યા હતા અને **૬ બિન સરકારી વિધેયકો** પર ગૃહમાં ચર્ચા થઈ હતી, જ્યારે **૫ બિન સરકારી સંકલ્પો** સભાગૃહમાં ચર્ચાયા હતા તે પૈકી  **૩ સંકલ્પનો** સભાગૃહ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો અને **૨ સંકલ્પોનો** અસ્વીકાર કરવામાં આવ્યો હતો. સત્રના છેલ્લા દિવસે " **મુખ્યમંત્રી  ગ્રામ સડક યોજનાની કામગીરી"**  અંગેના છેલ્લા દિવસના પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન કુલ-૧૦ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. જ્યારે સભાગૃહના અવમાનના ચાર બનાવો  બન્યા હતા. જાહેર અગત્યની બાબત પર સંબંધિત મંત્રીશ્રીઓ દ્વારા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે ચાર નિવેદન સભાગૃહમાં

કરવામાં આવ્યા હતા તેમજ નિયમ-૧૧૬ અન્વયે મંત્રીશ્રીનું ધ્યાન દોરતી સૂચના પર સભાગૃહમાં માન. મંત્રીશ્રીઓ દ્વારા જુદી જુદી બાબતો ઉપર ચાર નિવેદનો કરવામાં આવ્યા હતા.

બંધારણ તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઇઓ અન્વયે બોર્ડ/કોર્પોરેશનોના કુલ ૭૨ અહેવાલો તથા સન ૨૦૧૬-૧૭ વર્ષના સી.એ.જી.ના તેમજ સન ૨૦૧૧-૧૨ અને ૨૦૧૩-૧૪ ના વર્ષના સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષકશ્રીના, નગરપાલિકા, જિલ્લા/તાલુકા પંચાયતના અને ગ્રામ પંચાયતના અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. આ ઉપરાંત કુલ ૨૪ સરકારી અધિસૂચનાઓ ગૃહના મેજ પર મૂકવામાં આવી હતી. સત્ર દરમિયાન રાજ્યમાંથી ૩૫,૪૨૫ જેટલા પ્રેક્ષકોએ ગૃહની કાર્યવાહી નિહાળી હતી.